Re-Accredited "B" 2.62 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: <u>કાર્યવાહી</u> :-

એકેડેમિક કાઉન્સિલની સભા શનિવાર, તા.૦૧–૧૦–૨૦૧૬ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી મકાનના રૂમ નં. ૨૦૫ માં નીચેના કામો માટે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| (૧) | ડૉ. દક્ષેશ આર. ઠાકર | હાજર |
| (૨) | ડૉ. ભાસકર એમ. રાવલ | હાજર |
| (૩) | ડૉ. દેસાઈ હેમાલી અરૂણભાઈ | હાજર |
| (૪) | ડૉ. કે.સી. પટેલ | હાજર |
| (૫) | ડૉ. કિશોરકુમાર રમણલાલ નાયક | હાજર |
| (૬) | શ્રી પટેલ કમલેશભાઈ મગનભાઈ | હાજર |
| (૭) | ડૉ. વિનોદરાય બી. પટેલ | હાજર |
| (૮) | ડૉ. ક્રિષ્ણાકાંત નિરંજનભાઈ ભટ્ટ | હાજર |
| (૯) | શ્રી ચૌધરી ઠાકોરભાઈ નગીનભાઈ | હાજર |
| (૧૦) | ડૉ. જંયતિકુમાર મોરારજી નાયક | * ગેરહાજર |
| (૧૧) | ડૉ. ઘનશ્યામ ડી. રાવલ | હાજર |
| (૧૨) | ડૉ. અપૂર્વ એ. દેસાઈ | હાજર |
| (૧૩) | પરસી રૂસી એન્જીનિયર | હાજર |
| (૧૪) | ડૉ.જયંતિભાઈ સુરેશભાઈ ચૌધરી | હાજર |
| (૧૫) | ડૉ. અલ્કેશ આઈ. શાહ | હાજર |
| (૧૬) | ડૉ. વિક્રમ બલવંતરાય દેસાઈ | ગેરહાજર |
| (૧૭) | ડૉ.બાબારાજુ કીકુભાઈ ભટ્ટ | ગેરહાજર |
| (૧૮) | ડૉ. મહેન્દ્ર ડી. ચૌહાણ | હાજર |
| (૧૯) | શ્રી શ્રીધર આર. નિમાવત | હાજર |
| (૨૦) | પ્રિ. ડૉ. વિનોદભાઈ એન. પટેલ | હાજર |
| (૨૧) | ડૉ. અજય કે. દેસાઈ | હાજર |
| (૨૨) | શ્રી સ્નેહલ કે. જોષી | હાજર |
| (૨૩) | ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |
| (૨૪) | શ્રી નાગેચા મહેશ નારણભાઈ | હાજર |
| (૨૫) | ડૉ. વિપિનકુમાર ડી. નાયક | હાજર |
| (૨૬) | શ્રી પરેશભાઈ આર પટેલ | ગેરહાજર |

* સભામાં ન હાજર રહી શકવા માટે પત્ર ધ્વારા અશકિત દર્શાવેલ છે.

(૧) એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯–૦૮–૨૦૧૬ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.
(નોંધ : (૧) પ્રસ્તુત એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યવાહી તા. ૨૨/૦૯/૨૦૧૬ પત્ર ક્રમાંક:એકે/એ.કા./કા.વા./૧૭૦૭૨/૨૦૧૬ થી ઈ–મેલ થી અને ટપાલ ધ્વારા એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવી છે.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯–૦૪–૨૦૧૬ની સભાની કાર્યવાહીની નોંધને સભ્યશ્રીઓએ બહાલી આપી હતી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.**

(૨) કોમર્સ ફેકલ્ટીનાં કોમર્સ વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા યુનિવર્સિટી કેમેસ્ટ્રી વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પુર્ણિમાબેન પી. જરીવાલાનીઅરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ/રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્રારા નિમાયેલ બે એક્ષ્પર્ટ/નિર્ણાયકો (ડૉ. સંદિપભાઈ ભટ્ટ, પ્રોફેસર, એસ.પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, અને ડૉ.પરિમલભાઈ વ્યાસ, મા.કુલપતિશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા) ના અહેવાલ/રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર અહેવાલ પરત્વે ડૉ.સંદિપભાઈ ભટ્ટનો રીપોર્ટ હકારાત્મક મળેલ છે. અને ડૉ.પરિમલભાઈ વ્યાસનો અને ડૉ.સંદિપભાઈ ભટ્ટનો નો રીપોર્ટ અન્વયે ડીનશ્રી કોમર્સ ફેકલ્ટીની ભલામણ મુજબ વધુ અભયાસ/સ્પષ્ટતા માટે ત્રીજા તજજ્ઞને મોકલવા અભિપ્રાય આપેલ. આથી પેનલ પરથી ત્રીજા બાહય તજજ્ઞ તરીકે પ્રો.વી.એમ.વનાર (શ્રીમતી આઈ.વી. પટેલ કોમર્સ કોલેજ ઓફ નડિયાદ, નડિયાદ)ના ડૉ. પુર્ણિમાબેન પી. જરીવાલાના સંશોધન પેપર્સ ચકાસણી કરી અહેવાલ આપવા માટે એક્ષ્પર્ટ તરીકે નિમણુંક થતા તેમને સંશોધન પેપર્સ ચકાસણી અર્થે મોકલતા, તેમનો રીપોર્ટ હકારાત્મક આવેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક છે, જે અવલોકનમાં લઈ BUT ની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક અહેવાલ માન.કુલપતિશ્રી ધ્વારા સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય, જે ભલામણ મુજબ ડૉ. પુર્ણિમાબેન પી. જરીવાલા ને કોમર્સ ફેકલ્ટીના કોમર્સ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ફેકલ્ટીનાં કોમર્સ વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા સર કે.પી.કોમર્સ કોલેજ,સુરતનાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પુર્ણિમાબેન પી. જરીવાલાનીઅરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ/રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્રારા નિમાયેલ બે એક્ષ્પર્ટ/નિર્ણાયકો (ડૉ. સંદિપભાઈ ભટ્ટ, પ્રોફેસર, એસ.પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, અને ડૉ.પરિમલભાઈ વ્યાસ, મા.કુલપતિશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા) ના અહેવાલ/રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર અહેવાલ પરત્વે ડૉ.સંદિપભાઈ ભટ્ટનો રીપોર્ટ હકારાત્મક મળેલ છે. અને ડૉ.પરિમલભાઈ વ્યાસનો અને ડૉ.સંદિપભાઈ ભટ્ટનો નો રીપોર્ટ અન્વયે ડીનશ્રી કોમર્સ ફેકલ્ટીની ભલામણ મુજબ વધુ અભયાસ/સ્પષ્ટતા માટે ત્રીજા તજજ્ઞને મોકલવા અભિપ્રાય આપેલ. આથી પેનલ પરથી ત્રીજા બાહય તજજ્ઞ તરીકે પ્રો.વી.એમ.વનાર (શ્રીમતી આઈ.વી. પટેલ કોમર્સ કોલેજ ઓફ નડિયાદ, નડિયાદ)ના ડૉ. પુર્ણિમાબેન પી. જરીવાલાના સંશોધન પેપર્સ ચકાસણી કરી અહેવાલ આપવા માટે એક્ષ્પર્ટ તરીકે નિમણુંક થતા તેમને સંશોધન પેપર્સ ચકાસણી અર્થે મોકલતા, તેમનો રીપોર્ટ હકારાત્મક આવેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક હોય, BUT ની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક અહેવાલ માન.કુલપતિશ્રી ધ્વારા સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય, જે ભલામણ એકેડેમિક કાઉન્સિલે સ્વીકારી ડૉ. પુર્ણિમાબેન પી. જરીવાલા ને કોમર્સ ફેકલ્ટીના કોમર્સ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(૩) જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરતના આચાર્યશ્રી ડો. કે. એન. ચાવડાના તા. ૧૨–૮–૨૦૧૬ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ " એ બ્રાન્ચ")

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તૃત બાબત અંગેનો પત્ર દફતરે કરવામાં આવે છે.**

(૪ ) ખાસ કેસ તરીકે વિદ્યાર્થીઓને વધારાની એક ટ્રાયલ આપવા અંગે મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની સંયુકત સભાએ તેની તા.૧૨/૦૮/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની સંયુકત સભાની તા.૧૨/૦૮/૨૦૧૬ ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ખાસ કેસ તરીકે ગણી વિદ્યાર્થીઓની માંગણી મુજબ વિદ્યાર્થીઓના વિશાળ હીતને ધ્યાનમાં રાખી જે તે વિષયની નિયત કરેલ ટ્રાયલમાં નાપાસ થયા હોય તથા જેમના એગ્રીકેટ માર્ક ઓછા હોવાથી નાપાસ જાહેર થયા હોય તેમની માંગણીને ધ્યાનમાં રાખીને વધારાની એક ટ્રાયલ આપીને એમ.બી.એ. કોર્ષ પૂર્ણ કરી શકે તે માટે વધારાની એક તક આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પસ્તૃત બાબત નામંજૂર કરવામાં આવે છે.**

(૫) UGC વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, (માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર) બહાદુર શાહ ઝાફર માર્ગ, નવી દિલ્હીનાં સચિવશ્રી પ્રો.ડૉ. જસપાલ એસ.સન્ધુનો તા. ૩/૦૮/૨૦૧૬ D.O.No.F.2-7/2014(CC/NVEQF)/Misc. નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તૃત બાબતની નોંધ લેવામાં આવે છે.અને જયાં જરૂર પડે ત્યાં પ્રવેશ માટે લાગુ પાડવું**

**(૬) (માનનીય કુલપતિશ્રીનાં પગલાની નોંધની બાબત.)**

(૧) યુનિવર્સિટી ધારાની કલમ –૪૭ એ અન્વયે આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની આર્કિટેકચર અભ્યાસસમિતિએ નવેમ્બર/ડિસેમ્બર–૨૦૧૬થી શરૂ થનાર બી.આર્કિટેકચર (૧,૩,૫ અને ૭ સેમેસ્ટર) અને એમ.આર્કિટેકચર(૧ અને ૩) પરીક્ષાઓ માટે પ્રશ્નિકોની તૈયાર કરેલી ભલામણ યાદી.

<u>તથા</u>

(૨) મેડીકલ વિદ્યાશાખા હેઠળની સપ્ટેમ્બર–૨૦૧૬ થી લેવાનારી બી. ઓપ્ટોમેટરી (સપ્લીમેન્ટરી) (૨,૪ અને ૬ સેમેસ્ટર) અને એમ.ઓપ્ટોમેટરી (ફર્સ્ટ ઈયર) પરીક્ષાઓ માટે પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી.

(૩) મેડીકલ વિદ્યાશાખા હેઠળની નવેમ્બર –૨૦૧૬થી લેવાનારી ડિપ્લોમા/એમ.ડી./એમ.એસ. (પી.જી.મેડીકલ) પરીક્ષાઓ માટે પ્રાશ્નિક/પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી.

એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ એકેડેમિક કાઉન્સિલની સભા મળનાર ન હોવાથી તે મંજૂર કર્યાની
મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(ઉપરોકત ભલામણ યાદીની નકલ સભાનાં દિવસે રજૂ કરવામાં આવશે. સભા મળી ગયા બાદ તેજ દિવસે ઉપરોકત યાદીને યુનિવર્સિટી કાર્યાલયને પરત કરવાની રહેશે.)

(પરીક્ષા વિભાગ " એ–બ્રાન્ચ ")

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોક્ત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

(૭) સિન્ડીકેટની તા. ૨–૯–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક (૧૧૦) અન્વયે ઠરાવ્યાનુસાર અનુસ્નાતક શિક્ષણ મંડળ ધ્વારા તેના ઠરાવ ક્રમાંક ૮–૮–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક (૬) અન્વયે નિયુક્ત સમિતિની તા. ૨૩–૯–૨૦૧૬ના રોજ મળેલ સભાએ પ્રવર્તમાન પીએચ.ડી. ઓર્ડિનન્સમાં 2( I ) માં નીચેની જોગવાઈ આમેજ કરવા તથા તેમજ ઓર્ડિનન્સ (૧૨) માં આ સાથેના બીડાણ મુજબની જોગવાઈ આમેજ કરવાની વિનંતી કરેલ હોય, જે ભલામણ મુજબની જોગવાઈ આમેજ કરવા વિચારણા કરવા અંગે.

**Ph. D. Ord. 2 (I) Faculty-wise R.A.C. for the subjects or group of subjects shall be as specialised in relevant ordinance.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ. ડી. ઓર્ડિનન્સની જોગવાઈમાં ઓર્ડિનન્સ 2( I ) અને ૧૨ આમેજ કરવા સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે.**

(પરિશિષ્ઠ)

(૮) પીએચ. ડી. / એમ. ફીલ. ના પ્રવર્તમાન ઓર્ડિનન્સ/ નિયમમાં માં યુ. જી. સી. રેગ્યુલેશન ૨૦૧૬ની ગાઈડલાઈન મુજબ સુધારો કરવા, સિન્ડીકેટની તા. ૨–૯–૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૧૦) અન્વયે ઠરાવેલ હોય, અનુસ્નાતક શિક્ષણ મંડળ ધ્વારા તેના ઠરાવ ક્રમાંક ૮–૮–૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક (૬) અન્વયે નિયુક્ત સમિતિની તા. ૨૩–૯–૨૦૧૬ના રોજ મળેલ સભાએ આ સાથેનો પ્રવર્તમાન પીએચ. ડી. / એમ. ફીલ. ઓર્ડિનન્સ / નિયમમાં આમેજ કરેલ હોય, જે સુધારેલ ભલામણ પર વિચાણા કરવા અંગે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડીકેટની તા. ૨–૯–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક (૧૧૦) અન્વયે ઠરાવ્યાનુસાર અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૮–૮–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક (૬)અન્વયે નિયુક્ત સમિતિની તા. ૨૩–૯–૨૦૧૬ની ભલામણ મુજબ**

**(૧) પીએચ. ડી. ઓર્ડિનન્સ આજની સભા મંજુર કરી સિન્ડીકેટને ભલામણ કરે છે.**

**(૨) એમ. ફીલ. નિયમ નંબર ૧૧ નીચે મુજબ સુધારી, એમ. ફીલ. ની માર્કશિટ ફોટા સાથે આપવા સિન્ડીકેટને ભલામણ કરે છે. અને એમ. ફીલ. નિયમ નંબર ૨૫ આથી રદ કરવામાં આવે છે.**

**M. PHIL. RULE NO. 11 : STANDARD FOR PASSING :**

**An M. Phil. scholar has to obtain a minimum of 55% of marks or its equivalent grade in the UGC 7-point scale (or an equivalent grade/ CGPA in a point scale wherever grading system is followed) in the course work in order to be eligible to continue in the programme and submit the dissertation/ thesis. A relaxation of 5% of marks, from 55% to 50%, or an equivalent relaxation of grade, may be allowed**

for those belonging to SC/ST/OBC(non-creamy layer)/differently-abled and other categories of candidates as per the decision of the UGC from time to time.
The marks for the Dissertation shall be the Sum total of the marks given by each examiner out of 100 marks. Each of the external referees and an internal referee shall allot marks out of 100. A separate mark sheet of the same will also be issued.

વધુમાં ઠરાવવામાં આવે છે કે,

(૧) પીએચ. ડી. / એમ. ફીલ. સંશોધન અભ્યાસની ૧૧ ડીસેમ્બર ૨૦૧૫ની જાહેરાત સાથે પ્રવેશ વિવિધવિષયોની બેઠકોની રાજય સરકારશ્રીના અનામત નિતિનો અમલ કરી જાહેર કરેલ પીએચ.ડી. સંશોધન અભ્યાસની(૩૨૭) અને એમ. ફીલ. સંશોધન અભ્યાસની (૫૧૯ )પ્રવેશ બેઠકોને રીસર્ચ સ્ટડીઝ સમિતિની ભલામણ મુજબ પ્રવેશ ફાળવવાની કાર્યવાહી કરવી.

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં કાર્યરત માર્ગદર્શક શિક્ષકને પીએચ. ડી. / એમ. ફીલ. સંશોધન અભ્યાસના વિધાર્થી ફાળવતા પહેલા સંસ્થાના વડાશ્રી પાસેથી સંશોધન બાબતની માળખાકીય સુવિધા, લેબોરેટરી અને લાઈબ્રેરીની સગવડ બાબતે પ્રમાણ પત્ર મેળવવુ.

(૩) ભવિષ્યમાં જયારે ૧૧ ડિસેમ્બર ૨૦૧૫ની પ્રવેશ જાહેરાતને આધારે પીએચ. ડી. સંશોધન અભ્યાસનો વિધાર્થી સફળતા પુર્વક અભ્યાસ પુર્ણ કર્યેથી યુ. જી. સી. ગાઈડલાઈનની જોગવાઈ મુજબ ક્રેડીટની માંગણી કરે ત્યારે પ્રવેશ જાહેરાતની તારીખને ધ્યાને લઈ યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ મુજબ મહત્તમ ૮ વિધાર્થીને માર્ગદર્શન આપવાની જોગવાઈ મુજબ ક્રેડીટ આપવા.

(૯) પીએચ. ડી. સુપરવાઈઝીગ ટીચર્સની માન્યતા ઓર્ડિનન્સ ૧૦૮ માં યુ. જી. સી. રેગ્યુલેશન ૨૦૧૬ની ગાઈડલાઈન મુજબ સુધારા કરવાં સિન્ડીકેટની તા. ૨–૯–૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૧૦) અન્વયે ઠરાવેલ હોય; અનુસ્નાતક શિક્ષણ મંડળ ધ્વારા તેના ઠરાવ ક્રમાંક ૮–૮–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક (૬) અન્વયે નિયુકત સમિતિની તા. ૨૩–૯–૨૦૧૬ના રોજ મળેલ સભાએ આ સાથેનો ઓર્ડિનન્સ (૧૦૮)માં નવી જોગવાઈ આમેજ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે , ઓર્ડિનન્સ ૧૦૮માં આસિ. પ્રોફેસર માટે પાંચ (૫) પબ્લીકેશનની જોગવાઈ કરેલ હોય જેના સ્થાને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના એમેન્ડમેન્ટ ૨૦૧૬ ની જોગવાઈ મુજબ બે (૨) પબ્લીકેશનની જોગવાંઈ કરવી.

(પરિશિષ્ઠ)

(૧૦) MBA પ્રોગ્રામમાં રૂલ્સ અને રેગ્યુલેશનમાં ફેરફાર કરવા અંગે મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની સંયુકત સભાએ તેની તા.૧૨/૦૮/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની સંયુકત સભાની તા.૧૨/૦૮/૨૦૧૬ ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તારીખ ૦૫/૦૪/૨૦૧૩ નું રીસોલ્યુએશન નં. ૬ તથા સિન્ડિકેટની તા. ૨૬/૦૭/૨૦૧૩ રીસોલ્યુએશન નં. ૫૬ દ્વારા મંજૂર થયેલ તથા પરીક્ષા નિયામકના પત્રક્રમાંક : Exam/A/7028/2013, તા. ૦૮/૦૮/૨૦૧૩ નો અમલ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ છે.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની સંયુકત સભાની તા.૧૨/૦૮/૨૦૧૬ ની સભાની ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી તમામ પરીક્ષાઓમાં અમલ કરવો.**

(૧૧) 1st M.B.B.S. ની થીયરી અને પ્રેકટીકલની પરીક્ષા પધ્ધતિ નકકી કરવા અંગે પ્રિ–કલીનીકલ વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૨૧/૦૯/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તબીબી વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારેલ છે, જે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.

<u>પ્રિ–કલીનીકલ વિષયની અભ્યાસસમિતિની તા. ૨૧/૦૯/૨૦૧૬ ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, 1st M.B.B.S. ની થીયરી અને પ્રેકટીકલની પરીક્ષા પધ્ધતિ અને તેના નિયમો આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ જુલાઈ–૨૦૧૭ ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે સ્વીકારવા તબીબી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિ–કલીનીકલ વિષયની અભ્યાસસમિતિની તા. ૨૧/૦૯/૨૦૧૬ ની સભાની ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે ભલામણ કરેલ 1st M.B.B.S. ની થીયરી અને પ્રેકટીકલની પરીક્ષા પધ્ધતિ અને તેના નિયમો જુલાઈ–૨૦૧૭ ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે સ્વીકારવામાં આવે છે.**

(૧૨) (માનનીય કુલપતિશ્રીનાં પગલાની નોંધની બાબત.)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિવિધ વિદ્યાશાખાના અભ્યાસક્રમો અને વિષયોમાં આચાર્ય, પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર, ફીઝીકલ એજ્યુકેશન, લાઈબ્રેરીયન વગેરેના ઈન્ટરવ્યું માટેની તજજ્ઞોની યાદીઓ તમામ ડીનશ્રીઓ પાસેથી મંગાવવામાં આવેલ હતી તે પૈકી **કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી** વિદ્યાશાખાના ડીનશ્રીની તજજ્ઞની યાદી પ્રાપ્ત થયેલ હોઈ જે માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોઈ, આથી જૂની તજજ્ઞની યાદી રદ કરી ડીનશ્રી પાસેથી પ્રાપ્ત થયેલ નવી તજજ્ઞની યાદીના નામોને જે તે વિષયની વિષય નિષ્ણાંતોની યાદીમાં તથા જે તે વિષયની ઈન્ટરવ્યુંની પેનલોમાં તે નામોનો સમાવેશ કરેલ છે, જે જાણ સારું.

( **બિડાણ :** કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રીની તજજ્ઞની યાદીની નકલ.)

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)
(બિડાણ: ૫)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોક્ત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

(૧૩) (માનનીય કુલપતિશ્રીનાં પગલાની નોંધની બાબત.)

શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે અનુસ્નાતક (પી.જી.) ના પ્રવેશો કેન્દ્રસ્થ ધોરણે ઓનલાઈન પ્રક્રિયાથી કરવા માટે મેરીટ યાદી તૈયાર કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૦–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૨ની જોગવાઈ મુજબ ડીગ્રી ધારક અનુસ્નાતક પ્રવેશ માટે એક થી વધુ વર્ષ બાદ પ્રવેશ માટે અરજી કરે તો સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યેથી એક વર્ષના ૨% લેખે મહત્તમ ૬% પ્રવેશ પાત્રતાના માર્કસમાંથી બાદ કરી પ્રવેશની યાદીમાં સમાવવા તેમજ સેમેસ્ટર સિસ્ટમમાં પાચમા /છઠ્ઠા સેમેસ્ટરની પરીક્ષામાં એક કરતાં વધુ પ્રયત્ને (એટેમ્પ)થી પાસ કરે તો સેમેસ્ટરની દરેક એટેમ્પ દીઠ ૧% પ્રમાણે મહત્તમ ૬% અને વાર્ષિક માળખા મુજબની છેલ્લા વર્ષની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને (એટેમ્પ)થી પાસ કરેલ હોય તો દરેક પ્રયત્ન (એટેમ્પ) દીઠ ૨% પ્રમાણે મહત્તમ ૬% પ્રવેશ પાત્રતાના માર્કસમાંથી બાદ કરી પ્રવેશની મેરીટ યાદીમાં સમાવવાની જોગવાઈ સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત અનુસ્નાતક કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિની તા.૩૦/૦૪/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૧થી એકેડેમિક કાઉન્સિલના ઉપરોક્ત ઠરાવ સંદર્ભમાં પ્રવેશની મેરીટ તૈયાર કરવા સંદર્ભમાં વધુ સ્પષ્ટતાની જરૂર હોય સમિતિ દ્વારા સ્નાતક પરીક્ષા એટેમ્પ સાથે વાર્ષિક મોડ/સેમેસ્ટર મોડમાં પાસ કરેલ હોય તો મહત્તમ ૬% કપાત કરવા ભલામણ કરેલ હોય જે ભલામણને માન.કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરેલ છે. જેની નોંધ લેવા સારું.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોક્ત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

(૧૪) (માનનીય કુલપતિશ્રીનાં પગલાની નોંધની બાબત.)

પટેલ રમણ બ્રધર્સ આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ., ટી.વાય.બી.એ. સેમેસ્ટર – ૧ થી ૬ માં "પ્રત્યાયન કૌશલ" શરૂ કરવા વિનંતી કરેલ છે. જે વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારેલ છે, તે એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાંની નોંધ લેવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોક્ત પગલાંની નોંધ લેવામાં આવે છે.**

(૧૫) એજ્યુકેશન વિભાગમાં તા.૨૨/૦૭/૨૦૧૬ ના રોજ પીએચ.ડી. માં એજ્યુકેશન વિષયની રીસર્ચ સ્ટડીઝ સમિતિ (RSC) ની સભા મળેલ હતી, જે સભામાં સમિતિના સભ્યોએ સર્વાનુમતે ઠરાવ ક્રમાંક : ૧૬ થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે જે પર વિચારણા કરવા અંગે.

:: UGC ના નિર્દેશ અનુસાર પીએચ.ડી. થીસીસનું બાહ્ય મૂલ્યાંકન માટે રાજય બહાર થીસીને મોકલવાની થાય છે. આપણી યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખામાં પીએચ.ડી. અભ્યાસ કરનારાઓ ગુજરાતી માધ્યમથી પણ સંશોધન કાર્ય કરે છે. એટલે તેવા સંજોગોમાં ગુજરાતી ભાષામાં તૈયાર થયેલું પીએચ.ડી. થીસીસ રાજય બહારના પરીક્ષકો મૂલ્યાંકન સંદર્ભે ભાષાકીય મર્યાદા અનુભવે છે. આ સંજોગોમાં હવેથી પીએચ.ડી. ના જે વિદ્યાર્થી ગુજરાતી ભાષામાં થીસીસ તૈયાર કરે તેમણે થીસીસની સંખ્યામાં સંશોધન સાર અંગ્રેજી અથવા હિન્દી ભાષામાં તૈયાર કરી પીએચ.ડી. થીસીસ સાથે યુનિવર્સિટીમાં સંબંધિત વિભાગમાં જમા કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એજ્યુકેશન વિભાગની રીસર્ચ સ્ટડીઝ સમિતિની ભલામણ ઉપર વિચારણા બાદ જે વિભાગમાં સંશોધનાર્થી દ્વારા સંશોધન અભ્યાસ એમ.ફીલ/પીએચ.ડી.ની સિનોપ્સીસ અને ડેઝર્ટેશન/થીસીસ ગુજરાતી માધ્યમમાં લખાયેલ હોય તેવા વિષયોમાં ડેઝર્ટેશન/થીસીસના મુલ્યાંકન માટે જો રાજય બહારની યુનિવર્સિટી/પીએચ.ડી.સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા પ્રાપ્ત બાહ્ય નિર્ણાયકો મુલ્યાંકન માટે ઉપલબ્ધ ન હોય તો તેવા એમ.ફીલ/પીએચ.ડી. સંશોધનાર્થીના ડેઝર્ટેશન/થીસીસનાં મુલ્યાંકન ખાસ કેસ તરીકે ગુજરાતની માન્ય યુનિવર્સિટીનાં પીએચ.ડી./એમ.ફીલ.ની માન્યતા પ્રાપ્ત સુપરવાઈઝીંગ ટીચરને મુલ્યાંકન માટે નિયુક્ત કરવા અને મુલ્યાંકનની કાર્યવાહી કરાવવી.**

ક્રમાંક : એકે/એ.કા./કા વા./૧૮૦૦૭/૨૦૧૬

તા. ૦૬ –૧૦– ૨૦૧૬

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ.

20-3-17

Read & Confirmed

Date